**C.C.No.**1225/2017.

| GJRJ050007392017 | ફરિયાદ રજૂ થયા તારીખ | ૦૪/૦૮/૨૦૧૭. |
|---|---|---|
| | ફરિયાદ દાખલ તારીખ | ૦૪/૦૮/૨૦૧૭. |
| | ફરિયાદ નિકાલ થયા તારીખ | ૧૪/૦૭/૨૦૨૬. |
| | અવધિ | વર્ષ માસ દિવસ<br>૮ ૧૧ ૦૯ |

= = = = ==========================================

**જેતપુરના મહેરબાન જયુડિશિયલ મૅજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ**
**(શ્રી ડી.એમ.પરમાર) સાહેબની અદાલતમાં**
**મુકામઃ જેતપુરનાં સમક્ષ**

= = = = ==========================================

**ક્રિમિનલ કેસ નં.૧૨૨૫/૨૦૧૭.**
**જે.તા.ગુ.ર.નં.૫૨૨૨/૨૦૧૬.**
**આંકઃ–**

**ફરિયાદીઃ–** શ્રી સરકાર.

**//વિરુદ્ધ//**

**આરોપીઃ–** (૧) અસ્વીનભાઈ વિનુભાઈ વેગડા ઉ.વ.૨૭
રહે.મુળ તથા હાલે ભાદર સામા કાંઠે નરસંગ ટેકરી
જેતપુર

(૨) નિશાંત ઉર્ફે નુરો સલીમભાઈ અગવાન ઉ.વ.૨૨
**(મરણ જવાથી એબેટ)**
રહે.ગુજરાતીની વાડી જેતપુર

==========================================

ફરિયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી આર.કે.વસાવા.

આરોપી તરફે વિ.વ.શ્રી.જે.કે.વ્યાસ

==========================================

==========================================

**ગુનોઃ–** ધી ગુજરાત પ્રોહિબિશન એક્ટની કલમ–૬૬(૧)બી, ૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૮૧ મુજબ.

==========================================

## // ચુ કા દો //

**(૧)** ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, તા.૧૧/૮/૨૦૧૬ ના કલાક ૧૭/૩૦ વાગ્યે આ કામનાં આરોપી નં.૧ નાએ પોતાના હવાલા વાળા મારૂતી ફંટી કાર નં.જી.જે.પ.સી.ડી.૪૧૫૩ વાળીમાં આરોપી નં.૨ સાથે મળી આરોપી નં.૩ પાસેથી ગે.કા. પાસ પરમીટ કે આધાર વગર ભારતીય બનાવટના પરપ્રાંતીય ઈંગ્લીશ દારુની જુદી જુદી બ્રાંડની ૭૫૦ એમએલ માપની કંપની શીલપેક બોટલ નંગ–૯૬ તથા હેવર્ડસ ૫૦૦૦ સ્ટ્રોગ બીયરના ૫૦૦ એમ.એલ.માપના ટીન નંગ–૨૪ મળી કુલ કી.રૂ.૩૮૪૦૦/– ની પોતાના હવાલાવાળી ફંન્ટી કાર નં. જી.જે.પ.સી.ડી.૪૧૫૩ કિ.રૂ.૬૫૦૦૦/– વાળીમાં વેચાણ કરવાના ઈરાદે રાખી નીકળતા રેડ દરમ્યાન મારૂતી ફંન્ટી કાર મુકી નાશી જઈ ગુનામાં એકબીજાની મદદગારી કરી , પ્રોહિબિશન એકટની કલમ– ૬૬(૧)બી, ૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૮૧

મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ હોવાની ફરિયાદ રજિસ્ટર કરી હાલની ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજૂ થયેલ છે.

(૨) આ કામે આરોપીને સમન્સ કરતાં આરોપીને સમન્સની બજવણી થતાં આરોપી હાજર થતાં ક્રિ.પ્રો.કોડની કલમ-૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ છે. ત્યારબાદ આરોપી વિરૂધ્ધ આરોપીનું તહોમતનામું તેમજ પ્લી લેતાં આરોપીએ તેના ગુનાનો ઇન્કાર કરતાં કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

આ કામનાં આરોપી નં.૨ મરણ જતા મારા પુરોગામી ન્યાયાધીશશ્રીએ આરોપી નં.૨ પુરતો કેસ મરણ જવાથી એબેટ કરવાનો હુકમ કરવામાં આવેલ.

(૩) આ કામે ફરિયાદપક્ષ તરફે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે.

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | પંચસાહેદ હર્ષદ પ્રતાપભાઈ લોઢવીયાની જુબાની | ૨૭ |
| ૨ | પંચનામું | ૨૮ |
| ૩ | પંચસાહેદ કીરીટ કેશવભાઈ સોલંકીની જુબાની | ૨૯ |
| ૪ | ફરીયાદ | ૩૦ |

(૪) ફરિયાદપક્ષે પુરાવો પૂરો થયેલાનું જાહેર કર્યા બાદ ફરિયાદપક્ષે આરોપી વિરુદ્ધ ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ-૩૧૩ મુજબનો વિશેષ નિવેદન નોંધવામાં આવતાં તેમાં આરોપી પોતે નિર્દોષ છે એવું જણાવેલ છે અને ફરિયાદને ખોટી જણાવેલ છે.

(૫) ત્યારબાદ ફરિયાદપક્ષ તરફે વિદ્વાન એ.પી.પી.શ્રીની તથા આરોપીપક્ષ તરફે વિદ્વાન વકીલશ્રીની મૌખિક દલીલો સાંભળી.

(૬) હાલના કેસના ન્યાયિક નિર્ણય માટે અત્રેની અદાલત સમરક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

મુદ્દા નં.૧ શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, તા.૧૧/૮/૨૦૧૬ ના કલાક ૧૭/૩૦ વાગ્યે આ કામનાં આરોપી નં.૧ નાએ પોતાના હવાલા વાળા મારૂતી ફંટી કાર નં.જી.જે.૫.સી.ડી.૪૧૫૩ વાળીમાં આરોપી નં.૨ સાથે મળી આરોપી નં.૩ પાસેથી ગે.કા. પાસ પરમીટ કે આધાર વગર ભારતીય બનાવટના પરપ્રાંતીય ઈંગ્લીશ દારુની જુદી જુદી બ્રાંડની ૭૫૦ એમએલ માપની કંપની શીલપેક બોટલ નંગ-૯૬ તથા હેવર્ડસ ૫૦૦૦ સ્ટ્રોગ બીયરના ૫૦૦ એમ.એલ.માપના ટીન નંગ-૨૪ મળી કુલ કી.રૂ.૩૮૪૦૦/- ની પોતાના હવાલાવાળી ફંન્ટી કાર નં. જી.જે.૫.સી.ડી.૪૧૫૩ કિ.રૂ.૬૫૦૦૦/- વાળીમાં વેચાણ કરવાના ઈરાદે રાખી નીકળતા રેડ દરમ્યાન મારૂતી ફંન્ટી કાર મુકી નાશી જઈ ગુનામાં એકબીજાની મદદગારી કરી, આરોપીએ ધી પ્રોહિબિશન એકટની કલમ- ૬૬(૧)બી, ૬૫(એ)

(ઈ), ૧૧૬(બી), ૮૧ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

મુદ્દા નં.૨ શું આખરી હુકમ?

(૭) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા નં.૧ નકારમાં.

મુદ્દા નં.૨ આખરી હુકમ મુજબ.

**<u>//નિર્ણય માટેનાં કારણો//</u>**

(૮) સદરહુ કામે રેકર્ડ પરનો પુરાવો જોતાં, આ કામે ફરિયાદપક્ષ તરફથી **આંક-૨૭થી પંચ સાહેદ હર્ષદભાઈ પ્રતાપભાઈ લોઢવીયાનાઓને તેમજ બીજા પંચસાહેદ કીરીટભાઈ કેશવભાઈ સોલંકીને આંક-૨૯થી** સોગંદ પર તપાસવામાં આવેલ છે. ઉપરોક્ત પંચ સાહદોએ તેઓની સરતપાસમાં જણાવેલ છે કે,<u>પોલીસે તેઓને બોલાવી તૈયાર કાગળમાં સહી કરાવેલી. સહિ કરવા સિવાય તેઓ બીજુ કાંઈ જાણતાં નથી.</u> તેઓને એક પંચનામું બતાવવામાં આવેલ તે જોઈને કહે છે કે, તેમાં તેઓની સહી છે. જે તેઓએ ઓળખી બતાવેલ. જેને પુરાવામાં રજૂ દાખલ આંક-૨૮ આપવામાં આવેલ. આમ, સદરહુ પંચ સાહેદ પંચનામાની હકીકતને મદદરૂપ થાય તેવી કોઇ હકીકત જણાવતા ન હોઈ વિદ્વાન એ.પી.પી.શ્રીએ તેઓને હોસ્ટાઇલ જાહેર કરેલ છે. આમ, સદરહુ પંચ સાહેદોની જુબાની ઉપરથી પંચનામું સાબિત થયેલ માની શકાય નહિ તેમ આ અદાલતનું નમ્રપણે માનવુ છે.

(૯) આ કામે ફરિયાદપક્ષ તરફે રજૂ થયેલ ઉપરોકત સમગ્ર પુરાવાની હકીકતો વંચાણે લેવામાં આવે તો, આ કામના મહત્ત્વના ગણી શકાય તેવા સ્વતંત્ર સાહેદ તરીકે પંચ સાહેદો અને જેઓએ હાલના આરોપી પાસેથી આક્ષેપિત મુદ્દામાલ કબજે કરેલ હોય તેવી હકીકત જણાવેલ નથી. **સ્ટેટ ઑફ ગુજરાત વિ. સુરેશભાઇ એસ.પટેલનો ચુકાદો કે જે (૨૦૧૧) ૨૬ જી.એચ.જે. (૧)**માં પ્રસિધ્ધ થયેલ છે જે ધ્યાને લેવામાં આવે તો જેમાં નામદાર ગુજરાત હાઇકોર્ટના પ્રસ્થાપિત સિધ્ધાંત પ્રમાણે જ્યારે પંચસાહેદ ફરિયાદપક્ષે ફરી ગયેલા પંચસાહેદ તરીકે જાહેર થાય ત્યારે ફરિયાદપક્ષના પુરાવા ઉપર આધાર રાખવો એ સલામતીભર્યુ ગણાય નહિ. નામ.સર્વોચ્ચ અદાલતના ચુકાદા "AZEEZ V/S. STATE OF KERALA 2013 (0) GLHEL- S.C.52570"માં પ્રતિપાદીત થયેલ સિધ્ધાંત મુજબ જ્યારે કેસમાં અન્ય સ્વતંત્ર સાહેદો તપાસેલ ન હોય અને પંચસાહેદ હોસ્ટાઇલ થયેલા હોઇ, ત્યારે માત્ર પોલીસ સાહેદની જુબાનીના આધારે આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહિ. વધુમાં ચાર્જશીટ જોતા હાલના કામે તપાસ કરનાર અધિકારીશ્રીએ કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા હોય તેવુ જણાઇ આવતુ નથી. તેમજ ચાર્જશીટ જોતાં પણ આ કામના ફરિયાદીએ પોલીસ સાહેદ છે અને જેઓ ફરિયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન આપે તે સ્વાભાવિક છે. પરંતુ જ્યારે સ્વતંત્ર ગણી શકાય તેવા સાહેદોએ કેસની હકીકતોને કોઇ જ સમર્થન આપેલ ન હોઇ માત્ર પોલીસ

સાહેદોનો પુરાવાનો આધાર લઈ હાલના આરોપીને તકસીરવાન ઠરાવવા એ સલામતી ભર્યુ ગણી શકાય તેમ નથી. આ કામે રેકર્ડ જોતાં ફરીયાદી, સાહેદોએ આરોપીના કબજામાંથી મુદ્દામાલ કબજે કર્યાની હકીકત જણાવેલ છે. પરંતુ તેને પંચસાહેદએ સમર્થન કરેલ નથી. આમ, સદરહું કામનો મુદ્દામાલ આરોપીના પ્રત્યક્ષ કબજામાંથી કબજે લીધેલ હોવાની હકીકત ફરિયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી.

(૧૦) આ કામે ફરિયાદપક્ષે રજૂ થયેલ રેકર્ડ ઉપરનો પુરાવો જોઇએ તો, તપાસ કરનાર અમલદાર દ્વારા કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લેવામાં આવેલ નથી. પંચનામાની હકીકત ફરિયાદપક્ષે સાબિત થતી નથી. તેમજ સદર કેસમાં ફરિયાદપક્ષનો પુરાવો જોતાં આરોપીના શરીરના બાંધાનું વર્ણન કરેલ હોય તેવુ પણ રેકર્ડ પર આવેલ નથી. તેમજ તપાસ કરનાર પોલીસ અધિકારીએ કબજે કરવામાં આવેલ મુદ્દામાલ ખરેખર વિદેશી દારૂ છે તે પુરવાર કરવા માટે તે દારૂની બનાવટ તથા તેની ઉત્પાદક કંપની તથા બોટલો ઉપરનું સીલ અસલ હોવાનું નિઃશંકપણે પુરવાર કરવુ પડે. આ અંગે **<u>સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ ભીમાભાઈ કાલીદાસ પટેલ ૧૯૮૫ જી.એલ.આર.૭૪૫</u>** ઉપર પ્રકાશિત થયેલ ચુકાદામાં નામદાર ગુજરાત હાઇકોર્ટ એવુ ઠરાવેલ છે કે, ૧૧૬ બી નું અનુમાન કરતા પહેલા એવુ પુરવાર કરવુ પડે કે અસલ સીલ હતુ અને જાણીતી બ્રાન્ડ અને ઉત્પાદક કંપનીનું નામ અસલ હતુ પરંતુ આવો પુરાવો

હાલના કામે રજૂ થયેલ નથી. જે આ કેસમાં ફરિયાદપક્ષે પુરવાર થતુ ન હોય આરોપીને શંકાના લાભ મળવાપાત્ર છે. આમ, ઉપરોક્ત રજૂ થયેલ પુરાવો વંચાણે લેતા ચાર્જશીટમાં જણાવેલ આરોપી દ્વારા તેમના અંગત કબજામાં ઇંગ્લીશ દારૂ રાખતા હોય તેવી કોઇ હકીકત નિઃશંકપણે ફરિયાદપક્ષે પુરવાર કરી શકેલ નથી.

(૧૧) આમ, સદરહું કામનો મુદ્દામાલ આરોપીના પ્રત્યક્ષ કબજામાંથી કબજે લીધેલ હોવાની હકીકત ફરિયાદપક્ષ નિઃશંકપણે તથા સ્વતંત્ર અને નિષ્પક્ષ પુરાવાથી પુરવાર કરી શકેલ નથી અને સ્વતંત્ર અને સમર્થનકારક પુરાવાના અભાવે હાલના આરોપીને સદર ગુનાના કામે સંડોવી શકાય તેવું જણાઇ આવતું નથી. આમ, આ કામેના પુરાવાઓ ધ્યાને લેતાં ફરિયાદપક્ષ આરોપી વિરૂધ્ધનો કેસ સાબિત કરવામાં સદંતર નિષ્ફળ નિવડતાં, મુદ્દા નં.૧ "નકારમાં" નિર્ણીત કરી મુદ્દા નં.૨ પરત્વે આખરી હુકમ નીચે મુજબનો ફરમાવું છું.

## //આખરી હુકમ//

- આ કામના આરોપીને ક્રિમીનલ પ્રોસિજર કોડની કલમ-૨૪૮ (૧) અનવ્યે ધી ગુજરાત પ્રોહિબિશન એક્ટની કલમ-૬૬(૧)બી, ૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૮૧ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.
- આ કામે કબજે કરેલ મુદ્દામાલ વાહન અંગે અગાઉ વચગાળાના તબકકે થયેલ હુકમ અપિલ સમય વિત્યે કાયમ કરવાનો હુકમ

કરવામાં આવે છે. તે સિવાયના મુદ્દામાલ દારુનો અપિલ સમય વિત્યે નિયમોનુસાર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

- આરોપીએ અગાઉ રજૂ કરેલ જામીનને અપીલ સમય સુધી ચાલુ રાખવા વિકલ્પે રૂ.૫૦૦૦/– ના જામીન રજૂ કરવા.

સદરહુ હુકમ આજરોજ તારીખઃ૧૪, માહેઃજુલાઈ, સનેઃ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ૧૪/૦૭/૨૦૨૬.

મુકામઃ જેતપુર.

**(ધવલકુમાર મીઠાભાઈ પરમાર)**

**જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**

**જેતપુર.**

**UIC–GJ**01563.

**Typed by:–** **k.m.v.guj.steno.**